==============================================================

| GJBN050006132010 | | કેસ રજુ તા: ૨૯/૧૧/૨૦૧૦<br>કેસ દાખલ તા: ૨૯/૧૧/૨૦૧૦<br>કેસ ફૈંસલ તા: ૦૮/૦૮/૨૦૨૬<br>સમય ગાળો :<u>દિવસ-માસ-વર્ષ</u><br>૦૯ ૦૮ ૧૫ |
|---|---|---|

**-: <u>નમુનો - અ</u> :-**

**મે. જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.મહુવા.**
**ચુકાદાની તારીખ :- ૦૮/૦૮/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.- ૧૪૩૭/૨૦૧૦**

| | |
|---|---|
| ગુનાની કલમ | ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦,૧૨૦(બી),૧૧૪ |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ફર્સ્ટ ગુ.ર.નં.-૦૮/૨૦૦૯ |
| પોલીસ સ્ટેશન | મોટા ખુંટવડા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી પી.બી.બારીઆ |
| આરોપીપક્ષ | (૧) રંજનબેન ઉર્ફે ઉષાબેન વા/ઓ જેન્તીભાઈ પટેલ,<br>(૨) સંગીતાબેન બાબુભાઈ પટેલ,<br>બન્ને રહે. ધોબીઘાટ,ઝુપડપટ્ટી, મહેસાણા।<br>(૩) ભુરાભાઈ રણછોડભાઈ રાઠોડ<br>રહે.ટેલરપુરા, તા.પેટલાદ, જી.આણંદ.<br>(૪) બુધાભાઈ મહીજીભાઈ ઠાકોર<br>રહે.પરોલીની સીમ, તલવાડી,<br>તા.પેટલાદ, જી.આણંદ. |

==============================================================

| | |
|---|---|
| | (૫) કાકુભાઈ કાનજીભાઈ રત્નુ (અવસાન)<br>રહે. આખલોલ, જગાતનાકા સામે,<br>ભાવનગર.<br>(૬) ગણપતભાઈ ઉર્ફે ગનો ફતાભાઈ સોલંકી<br>ધંધો – ડ્રાઈવિંગ (પુરવણી ચાર્જશીટ)<br>રહે.સોજીત્રા, તા.આણંદ, જી.આણંદ<br>(૭) કેતનભાઈ બાબુભાઈ ઉર્ફે ભલાજીભાઈ<br>વાઘેલા (પુરવણી ચાર્જશીટ)<br>ધંધો– ડ્રાઈવિંગ<br>રહે. મહેસાણા, પરા ટાવર, કુડી ફળી,<br>ઠાકોરવાસ, તળાવ પાસે. મહેસાણા |
| રજુઆત | વિ.વકીલશ્રી આરોપી નં.૪ તર્ફે<br>આર.એસ.ભાલીયા આરોપી નં.૬ તર્ફે<br>વિ.વ.શ્રી બી.એમ.શીયાળ |

**–: નમુનો – બ :–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૬/૦૧/૨૦૦૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૮/૦૪/૨૦૦૯ |
| આખરી અહેવાલની તારીખ | ૦૯/૧૦/૨૦૧૦ |
| તહોમતની તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૪/૦૭/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**–:: આરોપીની વિગત ::–**

| નં. | આરોપીનું નામ | ધરપકડ ની | જામીન મુકિત | તહોમત | શું નિર્દોષ | કરવામાં આવેલ સજા | સુનવણી દરમ્યાન અટકાયતનો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તારીખ | તારીખ | | છોડયા / સજા કરી | | સમયગાળો ફો. કા. સંહિતાની કલમ – ૪૨૮ મુજબ |
| ૧ | રંજનબેન ઉર્ફે ઉષાબેન વા/ઓ જેન્તીભાઈ પટેલ | – | – | ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦, ૧૨૦(બી),૧૧૪ | નિર્દોષ છોડયા | – | – |
| ૨ | સંગીતાબેન બાબુભાઈ પટેલ | – | – | ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦, ૧૨૦(બી),૧૧૪ | નિર્દોષ છોડયા | – | – |
| ૩ | ભુરાભાઈ રણછોડભાઈ રાઠોડ | – | – | ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦, ૧૨૦(બી),૧૧૪ | એબેટ | – | – |
| ૪ | બુધાભાઈ મહીજીભાઈ ઠાકોર | – | – | ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦, ૧૨૦(બી),૧૧૪ | નિર્દોષ છોડયા | – | – |
| ૫ | કાકુભાઈ કાનજીભાઈ રત્નુ | – | – | ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦, ૧૨૦(બી),૧૧૪ | એબેટ | – | – |
| ૬ | ગણપતભાઈ ઉર્ફે ગનો ફતાભાઈ સોલંકી | – | – | ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦, ૧૨૦(બી),૧૧૪ | નિર્દોષ છોડયા | – | – |
| ૭ | કેતનભાઈ બાબુભાઈ ઉર્ફે ભલાજીભાઈ વાઘેલા | – | – | ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦, ૧૨૦(બી),૧૧૪ | નિર્દોષ છોડયા | – | – |

## :: નમુનો – ક ::

## ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ. ફરીયાદપક્ષ

| અનુક્રમ | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | હર્ષદભાઈ કાનજીભાઈ જાનીની જુબાની. | ૩૧ | ફરીયાદી |

## ફરીયાદી / બચાવ / ન્યાયાલયના આંકની યાદી

### અ. ફરીયાદપક્ષ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૨ | ફરીયાદની ખરી નકલ. |
| ૨ | ૩૩ | મુદામાલ રીકવરી પંચનામાની ખરી નકલ. |
| ૩ | ૩૪ | શરીર સ્થિતિનાં પંચનામાની ખરી નકલ. |
| ૪ | ૩૫ તથા ૩૬ | અટક પંચનામાની ખરી નકલ. |
| ૫ | ૩૭ | મુદામાલ રીકવરી પંચનામાની ખરી નકલ. |
| ૬ | ૩૮ | કલોઝીંગ પુરશીસ |

## –: ચુકાદો :–

### કેસની ટુંકમાં હકીકત :–

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, તા.૨૪/૦૧/૨૦૦૯ થી તા.૨૬/૦૧/૨૦૦૯ દરમ્યાન આ કામનાં આરોપીઓએ ફરીયાદલને લગ્નની લાલચ આપી વિશ્વાસમાં લઈ લગ્ન પેટે રૂા.૩૦,૦૦૦/– લઈ આરોપી નં .૨ સાથે લગ્ન કરાવી તે જ રાત્રે ફરીયાદીને સુતા મુકી ઘરમાં થી સોનાની ચેઈન, સોનાની વીટી, ચાંદીનાં દાગીના મોબાઈલ, રોકડ રકમ રૂા.૧૨,૩૦૦/– તેમજ અગાઉ આપેલ રૂા.૩૦,૦૦૦/– લઈ છેતરપીંડી કરી કુલ રૂા.૬૨,૩૦૦/–નો વિશ્વાસઘાત કરી, ચોરી કરી, ગુન્હો કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, કાવતરૂ રચી ગુન્હો કરેલ. જેથી સદર ગુના બાબતની વિગતવારની ફરીયાદ ફરીયાદીએ મોટા ખુંટવડા પોલીસ સ્ટેશનમાં આપતા પોલીસે ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૦૮/૨૦૦૯ થી ગુન્હો રજીસ્ટર્ડ કરી, સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી,પંચો રૂબરૂ પંચનામા કરી, આરોપીઓને અટક કરી સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ. ત્યારબાદ નાસતા ફરતા આરોપી નં.૬ અને આરોપી નં.૭ પાછળથી મળી આવતા પોલીસ દ્વારા તેઓ વિરુદ્ધ પુરવણી ચાર્જશીટ કરેલ છે.

**<u>ન્યાયીક કાર્યવાહી</u> :–**

(૨) આ કામના આરોપીઓને અવાર–નવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવા છતાં બજવણી થતી ન હોય અને આરોપીઓ હાજર રહેતા ન હોય, આ કામના આરોપીઓ નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ સંભાવના જણાતી ન હોય, નામ. ગુજરાત વડી અદાલતના સરકયુલર

નં.૨૬૧૮/૨૦૧૬ થી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૯૯ તેમજ કલમ ૩૫૩(૬) મુજબની જોગવાઈઓનો ઉપયોગ કરવા આદેશ કરવામાં આવેલ હોય, તે મુજબ આ કામે આરોપીઓની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવા આ કામે આંક-૧ ચાર્જશીટ લગત હુકમ કરી કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી નં.૪ અને ૬ હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી આરોપી વિરૂધ્ધ આંક- ૪૧ થી તહોમતનામું ફરમાવી, આંક- ૪૨અને ૪૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામના આરોપી નં.૩ ભુરાભાઈ રણછોડભાઈ રાઠોડ નું વોરંટ બજાવવા માટે મોકલેલ જેમાં પોલીસ દ્વારા તેઓ મરણ ગયેલા હોવાનો શેરો કરવામાં આવેલ છે અને તેની સાથે એક મરણનું પ્રમાણપત્ર અને એક એફિડેવીટ રજુ કરવામાં આવેલ છે જેમાં મરણજનારનું નામ વિનોદભાઈ પિતાનું નામ રણછોડભાઈ ઠાકોર અને તે બાબતે તેના પત્ની કૈલાસબેન નાઓએ નોટરી રૂબરૂ ૫૦ રૂપિયાના સ્ટેમ્પ પર એફિડેવીટ કરેલ છે જેમાં વિનોદભાઈ રણછોડભાઈ ઠાકોર તથા ભુરાભાઈ રણછોડભાઈ ઠાકોર વાળી વ્યક્તિ એક જ છે તે બાબતનું સોગંદનામું પોલીસ દ્વારા વોરંટની સાથે રજુ કરેલ છે અને જેના આધારે આરોપી નં.૩ મરણ ગયેલ હોય તેવુ માની આગળની તમામ કાર્યવાહી કરેલ છે. તેમ છતા આરોપી નં.૩ મરણ ગયેલ હોવા બાબતે સ્પષ્ટતા ના હોય તે બાબતે પણ આખરી હુકમ કરવામાં આવેલ છે તેમજ આરોપી નં.૫ કાકુભાઈ કાનજીભાઈ રત્નુ અવસાન પામેલ હોય આંક-૧ ચાર્જશીટ લગત હુકમ કરી આ કામના

આરોપી નં.૩ તથા ૫ નાઓ સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે અને આરોપી નં.૧,૨ તથા ૪ સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપી ૪ અને ૬ હાજર રહેતા તેઓ નું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપી ૪ અને ૬ એ તેમની સામેના પુરાવાનો ઈન્કાર કરી, તેઓ જુબાની આપવા માં ગતા ન હોય તેમજ બચાવમાં સાહેદ તપાસવા માંગતા ન હોય, તેઓ તદ્દન નિર્દોષ હોય તેઓ ઉપર રહેમ કરી નિર્દોષ છોડવા હુકમ કરવા અરજ કરેલ છે. તેમજ ૫ મરણ ગયેલ હોય તેઓનું સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી જ્યારે આરોપી નં. ૧, ૨ અને ૩ હાજર મળી આવતા ન હોય આરોપીઓ વિરુધ્ધ સી.આર.પી.સી. ની કલમ ૨૯૯ નો હુકમ કરી પુરાવા સિક્યોર કરી આગળની કાર્યવાહી કરી છે. ત્યારબાદ બન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: <u>મુદ્દાઓ</u> ::-**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા.૨૪/૦૧/૨૦૦૯ થી તા.૨૬/૦૧/૨૦૦૯ દરમ્યાન આ કામનાં આરોપીઓએ ફરીયાદલને લગ્નની લાલચ આપી વિશ્વાસમાં લઈ લગ્ન પેટે રૂા.૩૦,૦૦૦/- લઈ આરોપી નં .૨ સાથે લગ્ન કરાવી તે જ રાત્રે ફરીયાદીને સુતા મુકી ઘરમાં

થી સોનાની ચેઈન, સોનાની વીટી, ચાંદીનાં દાગીના મોબાઈલ, રોકડ રકમ રૂા.૧૨,૩૦૦/– તેમજ અગાઉ આપેલ રૂા.૩૦,૦૦૦/– લઈ છેતરપીંડી કરી કુલ રૂા.૬૨,૩૦૦/–નો વિશ્વાસઘાત કરી, ચોરી કરી, ગુન્હો કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, કાવતરૂ રચી ઈ.પી.કો.૪૦૬,૪૨૦,૩૮૦,૧૨૦(બી),૧૧૪નો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. 'નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**–: <u>કા ર ણો</u> :–**

**<u>મુદ્દા નં.૧</u> :–**

(૭) સદર મુદ્દાઓની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત ધ્યાને લેતા તથા દસ્તાવેજી પુરાવો તથાબન્ને પક્ષે રજુ દલીલો ધ્યાને લ ેતા ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૩૧ થી ફરીયાદી હર્ષદભાઈ કાનજીભાઈ જાની નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહું ફરીયાદીનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં, તેમાં તેઓ જણાવે છે કે, આરોપી નં.૨ સગીતાબેન તેઓનાં પત્ની થાય છે. આરોપી નં.૧,૩,૪ તથા ૫ નાઓ તેઓની પત્નીનાં સગા સંબંધીઓ થતાો ઓળખે છે. આશરે સાતેક વર્ષ પહેલા તેઓનાં લગ્ન સં

ગીતાબેન સાથે થયલ અને તેઓને સામાન્ય બોલાચાલી થતાં તે સોના–ચાંદીના દાગીના તેમની સાથે લઈને તેમનાં પિયર જતાં રહેલ હતા. એ સિવાય બીજુ કાંઈ બનેલ નહી અને બનાવની તેઓએ નામદાર કોર્ટમાં ફરીયાદ આપેલ. તેઓને અસલ પોલીસ કેસ પેપર્સમાંથી ફોજદારી પરચુરણ કેસ ન.૧૨/૨૦૦૯ વાળી આંક–૩૨ થી રજુ ફરીયાદ બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. આમ, સદરહું ફરીયાદી તેઓનાં પુરાવામાં ફરીયાદ હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહું ફરીયાદી ફરી ગયેલા જાહેર થયા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જયારે સદરહુ ફરીયાદીનીની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓનાં પત્ની સં ગીતાબેન તેઓનાં ઘરે સોના–ચાંદીના દાગીનાની ચોરી કરેલ નથી. તેમજ આરોપીઓએ તેઓનો કઈ લગ્નની લાલચ આપી તેઓની સાથે છેતરપીંડી કે ચીટીગ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ગણપતભાઈ ફતાભાઈ સોલંકીને ઓળખતા નથી. તેમજ સદરહું ગણપતભાઈ ફતાભાઈ નાઓએ તેઓની સાથે કોઈ છેતરપીંડી કે ચીટીંગ કરેલ નથી. તેમજ ગણપતભાઈએ તેઓનાં ઘરેથી કોઈ સોના–ચાંદીના દાગીના ચોરી કરેલ હોય તેવું બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ફરીયાદમાં ગણપતભાઈનું નામ જણાવેલ નથી.

**<u>પુરાવાના મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદાઓ</u>**

(૮) **[1]Evaluation:** In the criminal cases, the Court cannot proceed to consider the evidence of the prosecution witnesses in **a mechanical way.** The broad features of the prosecution case, the probabilities and normal course of human conduct of a prudent person are some of the factors which are always kept in mind while evaluating the merit of the case. **[Hardeep Vs. State of Haryana and anr.- AIR 2002 SC 3018]**

**[2] Evidence as a whole:** The evidence cannot be read **in piecemeal** and defence cannot take advantage of reading some one or two portions here and there from evidence of witness. The evidence is required to be read as **a whole** and thereafter, it is required to be weighed and appraised. **[Bhupender Sharma Vs. State of H.P.- 2004(1) GLR 761 (SC)]**

**[3] Eye-witness:** The evidence of eye-witnesses cannot be brushed aside lightly on imaginary or flimsy ground. Ordinarily, an eye-witness is worthy of credence, unless it is established that the witness has reason to fabricate the case against the accused and that the facts from other evidence on record establish that it would not be just and proper to rely upon such witnesses. **[Lilgar Kanjibhai Pargi and Anr.Vs. State of Gujarat–2009(3) GLR 2440]**

**[4] Two views:** When two views are possible on appreciation of evidence, accused is entitled for benefit of doubt.

(૯) આમ, ફરીયાદપક્ષે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, ફરીયાદી તેઓનાં પુરાવામાં ફરીયાદ હકીકતથી વિરોધાભાસ હકીકત જણાવે છે અને ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓનાં પત્ની સંગીતાબેન તેઓનાં ઘરે સોના-ચાંદીના દાગીનાની ચોરી કરેલ નથી. તેમજ આરોપીઓએ તેઓનો કઈ લગ્નની લાલચ આપી તેઓની સાથે છેતરપીંડી કે ચીટીગ કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ગણપતભાઈ ફતાભાઈ સોલંકીને ઓળખતા નથી. તેમજ સદરહું ગણપતભાઈ ફતાભાઈ નાઓએ તેઓની સાથે કોઈ છેતરપીંડી કે ચીટીંગ કરેલ નથી. તેમજ ગણપતભાઈએ તેઓનાં ઘરેથી કોઈ સોના-ચાંદીના દાગીના ચોરી કરેલ હોય તેવું બનેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની ફરીયાદમાં ગણપતભાઈનું નામ જણાવેલ નથી. આમ, ફરીયાદી તેનાં પુરાવામા ફરીયાદ હકીકતથી વિરોધાભાસ હકિકત જણાવતા હોય, તેમજ આરોપી સં ગીતાબેને તેનાં ઘરેથી કોઈ દાગીનાની ચોરી કરેલ નથી તેમજ આરોપીઓએ તેઓને કોઈ લગ્નની લાલચ આપેલ નથી. તેમજ તેઓની સાથે કોઈ છેતરપીંડી થયેલ નીથ. તેમજ ગણપતભાઈએ કોઈ છેપરપીંડી કરેલ નીથ. તેમજ ગણપતભાઈએ તેઓનાં ઘરેથી કોઈ સોના-ચાંદીના દાગીનાની ચોરી કરેલ નથી. આમ, આ કામે ફરીયાદીનાં પુરાવા થકી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સ્પષ્ટ સમર્થન પ્રાપ્ત થતુ ન હોય, ફરીયાદ હકીકત જેવી કે, તા.૨૪/૦૧/૨૦૦૯ થી તા.૨૬/૦૧/૨૦૦૯ દરમ્યાન આ કામનાં આરોપીઓએ ફરીયાદલને લગ્નની લાલચ આપી

=================================================================

વિશ્વાસમાં લઈ લગ્ન પેટે રૂા.૩૦,૦૦૦/- લઈ આરોપી નં .૨ સાથે લગ્ન કરાવી તે જ રાત્રે ફરીયાદીને સુતા મુકી ઘરમાં થી સોનાની ચેઈન, સોનાની વીટી, ચાંદીનાં દાગીના મોબાઈલ, રોકડ રકમ રૂા.૧૨,૩૦૦/- તેમજ અગાઉ આપેલ રૂા.૩૦,૦૦૦/- લઈ છેતરપીંડી કરી કુલ રૂા.૬૨,૩૦૦/-નો વિશ્વાસઘાત કરી, ચોરી કરી, ગુન્હો કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, કાવતરૂ રચી ગુન્હો કરેલ હોય તેવી હકીકત સદરહું ફરીયાદી તેઓનાં પુરાવામાં જણાવતા ન હોય ફરીયાદપક્ષ તેઓની ફરીયાદ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેમજ સદર બનાવ બાદ આ કામના આરોપી સાથે કોઈ બીજો બનાવ બનેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. આમ, આ કામે બનાવના ભોગ બનનાર ફરીયાદીના પુરાવા થકી ફરીયાદપક્ષના કેસની હકીકતોને લ ેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ ના હોય આ કામનાં આરોપીને ઈ.પી.કો. કલમ-૪૦૬,૪૨૦,૩૮૦,૧૨૦(બી),૧૧૪ મુજબનાં ગુન્હાનાં કામે તકસીરવાન ઠરાવી શકાય નહિ.

(૧૦) વધુમાં રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં આ કામનાં આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ છે તેવી શંકા ઉદભવે છે. પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે, શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહિ. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરં તુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામનાં આરોપીને તકસીરવાન ઠરાવવાનું ન્યાયોચીત

જણાતું નથી એવો જ પ્રસ્થાપિત સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે મુજબનાં ચુકાદામાં ઠરાવેલ છે.

***Kailash Gour Vs. State of Assam (AIR 2012 SC 786)***

*"28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed along distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of Narendra Singh and Anr. v.State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan v. Rama S Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."*

**(૧૧)** આમ, આ કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લ ેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો આરોપી દ્વારા બનેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદ પક્ષ આ કામના આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળ ી શકાય તેમજ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે. જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.ર અંગે ન્યાયના વિશાળ હિતમાં

નીચે મુજબનો આખરી હુકમ આરોપી નં.૧,૨,૩ અને ૭ ની ગેરહાજરીમાં ફરવામાં આવે છે.

## -:: હુકમ ::-

(૧) આ કામના આરોપી નં.૧ રંજનબેન ઉર્ફે ઉષાબેન વા/ઓ જેન્તીભાઈ પટેલ, આરોપી નં.૨ સંગીતાબેન બાબુભાઈ પટેલ, આરોપી નં.૩ ભુરાભાઈ રણછોડભાઈ રાઠોડ, આરોપી નં.૪ બુધાભાઈ મહીજીભાઈ ઠાકોર તથા આરોપી નં.૬ ગણપતભાઈ ઉર્ફે ગનો ફતાભાઈ સોલંકી તથા આરોપી નં.૭ કેતનભાઈ બાબુભાઈ ઉર્ફે ભલાજીભાઈ વાઘેલા નાઓને ઈ.પી.કો. કલમ -૪૦૬,૪૨૦,૩૮૦,૧૨૦(બી),૧૧૪મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં થી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે પુરાવાનાં અભાવે શં કાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં.પ કાકુભાઈ કાનજીભાઈ ર૮નુ નાઓ અવસાન પામેલ હોય, તેમની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મુદ્દામાલ સોનાનો ઢાળીયો વજન ૧૩ ગ્રામ અને ૧૧૦ મીલીગ્રામ અં ગે આ કામે અગાઉ કરવામાં આવેલ વચગાળાની કસ્ટડીમાં સોંપવા અં ગેનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે

(૪) આ કામે આરોપી નં.૧,૨,૩તથા ૭ ના અગાઉ થયેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

પ. આરોપી નં.૪ અને ૬ નાઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામા આવે છે. હુકમ

આજ તા.૦૮મી, માહે–ઓગષ્ટ, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૮/૨૦૨૬
સ્થળ–મહુવા.

(જયેશકુમાર બાબુભાઈ શર્મા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મહુવા.
કોડ નં.જીજે૦૧૬૨૩

**એ.એમ.વાળા**